# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડિશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


## અગત્યનો પરિપત્ર

**વિષય** : એપ્રિલ/મે-૨૦૨૧માં યોજાનાર વિવિધ ફેકલ્ટીની પરીક્ષા બાબતે ખાસ ધ્યાનમા રાખવાના મુદ્દા.

**સંદર્ભ** : યુનિવર્સિટીનો પરિપત્ર ક્રમાંક ઇ-૩/૧૯૧ તારીખ : ૧૬/૦૬/૨૦૨૦

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ/ ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓને ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે જણાવવાનું કે એપ્રિલ/મે-૨૦૨૧માં વિવિધ ફેકલ્ટીની યુનિવર્સિટી પરીક્ષા યોજાનાર છે. જેમાં (Covid-19) ની કોરોના મહામારીની પરિસ્થિતીને ધ્યાનમાં રાખતા સાવચેતીના ભાગ રૂપે ગુજરાત રાજ્યની ગાઇડલાઇન્સ નું પાલન કરવાનું રહેશે. આગામી એપ્રિલ/મે-૨૦૨૧ થી યોજાનાર તમામ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. યુનિવર્સિટી દ્વારા કોલેજને સેનેટાઇઝેશન બાબતે ઉચ્ચક પરીક્ષા સેન્ટરને રૂપિયા ૨૭૦૦/- (દ્વિતીય, ચતુર્થ અને છઠ્ઠાં સેમેસ્ટર માટે) એક જ વખત ચૂકવવામાં આવશે.

૨. વિવિધ પરીક્ષાઓના પ્રશ્નપત્રોનું માળખુ અગાઉ યુનિવર્સિટી દ્વારા કોવિડ-૧૯ને અનુલક્ષીને જાહેર કરવામાં આવ્યા મુજબ યથાવત રહેશે.

૩. પરીક્ષા કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓની ભીડ ન થાય તેમજ પરીક્ષા કેન્દ્ર ઉપર થર્મલ ગન અને ઓક્સિમીટર દ્વારા વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાલક્ષી કાર્યમાં જોડાયેલ સર્વે સ્ટાફની ચકાસણી યોગ્ય રીતે થાય છે કે કેમ તે માટે સેનેટાઇઝ કો-ઓર્ડિનેટરની નિમણૂંક કરવી. તેમને પરીક્ષા કેન્દ્રના કો-ઓર્ડિનેટર જેટલુ મહેનતાણું ચૂકવવામાં આવશે.

૪. પરીક્ષાઓનું મધ્યસ્થ મૂલ્યાંકન કરવામાં આવશે. તે અંગેનું સ્થળ હવે પછી જાહેર કરવામાં આવશે.

૫. પરીક્ષક દ્વારા આખી ઉત્તરવહીનાં તમામ પ્રશ્નોનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

૬. કોવિડ-૧૯ ની ગાઇડલાઇનને અનુલક્ષીને પ્રેક્ટીકલ પરીક્ષાઓ જે તે કોલેજ/વિભાગ દ્વારા યોજવાની રહેશે. તેમજ પ્રેક્ટીકલ પરીક્ષાઓ સમયસર પૂર્ણ કરી તે અંગેના માર્કસ પરીક્ષા પૂર્ણ થયાના ત્રણ દિવસમાં યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે.

નંબર/ઈ-૩/ 127
વલ્લભ વિદ્યાનગર
તારીખ : 03/૦૪/૨૦૨૧
06

કાર્યકારી કુલસચિવ

નકલ સવિનય રવાના:

૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કક્ષાના વડાશ્રીઓ/ ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.

૨. ડાયરેક્ટરશ્રી, જી.એચ. પટેલ કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્સિટી વેબસાઇટ તથા મોબાઇલ એપમાં અપલોડ કરવા સારૂ.